શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન.

રત્નસાગર હારમોનીયમ શિક્ષક.

ભાગ ૧ લો.

પ્રયોજક અને પ્રકાશક.

હારમોનીયમ શિક્ષક હરીલાલ અમરતલાલ પટેલ.

ઠે. રાયપુર બંગલાની પોળ—અમદાવાદ.

દોહરો.

તાલ સુર ભર્યું જગત આ, સંગીત શાસ્ત્ર પ્રમાણ;
વીધ વીધ જ્ઞાન પ્રકાશતાં, અજબ આનંદ ખાણ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

કીંમત બે આના.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન.

રત્નસાગર હારમોનીયમ શિક્ષક.

ભાગ ૧ લો.

પ્રયોજક અને પ્રકાશક.

હારમોનીયમ શિક્ષક હરીલાલ અમરતલાલ પટેલ.
ઠે. રાયપુર બંગલાની પોળ—અમદાવાદ.

દોહરો.

તાલ સુર ભર્યું જગત આ, સંગીત શાસ્ત્ર પ્રમાણ,
વીધ વીધ જ્ઞાન પ્રકાશતાં, અજબ આનંદ ખાણ.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

કીંમત બે આના.

હારમોનીયમ શીખવાની પદ્ધતિ.

હારમોનીયમ એ ઇંગ્રેજી સાજ છે, અંદર તપાસ કરતાં કાળી અને સફેદ એવી એ જાતની ચાવીઓ માલુમ પડે છે. દરેક હારમોનીયમ ઘણું કરીને ત્રણ સપ્તકનાં હોય છે.

ડાબા હાથથી પહેલા વર્ગની બાર ચાવીઓ મળી સપ્તક થાય છે, બીજી બાર ચાવીઓ મુકરર કરવાથી બીજું સપ્તક અને ત્રિજી બાર ચાવીઓ મુકરર કરવાથી ત્રિજું સપ્તક ગણાય છે.

બાર ચાવીઓ—સપ્તકમાં મુકર કરેલ બાર ચાવીઓ વિષે પાંચ કાળી અને સાત સફેદ ચાવીઓ ડાબા હાથ તરફથી ગણાયછે.

ત્રણ સપ્તકનાં નામ—ડાબા હાથ તરફથી પહેલા વર્ગની બાર ચાવીઓ તેમાં પાંચ કાળી અને સાત સફેદ મળીને જે સપ્તક થાય છે તેનું નામ “ ખરજ ” સપ્તક કહેવાય છે, કારણ તેનો અવાજ ઘણોજ ગંભીર છે. ડાબા હાથ તરફથી બીજા વર્ગની બાર ચાવીઓ તેમાં પાંચ કાળી અને સાત સફેદ મળીને જે સપ્તક થાય છે, તેનું નામ “મધ્યમ” સપ્તક કહેવાય છે; કારણ તેનો અવાજ સમધારણ છે, અર્થાત સાધારણ છે. ડાબા હાથ તરફથી ત્રીજા વર્ગની બાર ચાવીઓનો ઉપર મુજબ ઘણોજ ઝીણો અવાજ હોવાથી “ટીપ” સપ્તક કહેવાય છે. કદાચ એથી ઉપરાંત ચાવીઓ માલુમ પડે તો તેને “ટીપ” સપ્તકમાં ગણી લેવી.

સારીગમ—સારીગમના સાત અક્ષર હોય છે. જેવા કે સા, રી, ગ, મ, પ, ધ, ની, સા. તેમાં “ સા ” અક્ષર સપ્તકની દર્શાવેલી

બારે ચાવીઓથી ગણી શકાય છે, પરંતુ શિખનારને તો ડાબા હાથથી પ્રથમ વર્ગની સફેદ પહેલી ચાવીથી સારીગમ શરૂ કરવાની જરૂર છે.

સપ્તકની પાંચ કાળી અને સાત સફેદ ચાવીઓનાં નામ નીચે મુજબ છે.

સાત સફેદ ચાવીઓના નામનું કોષ્ટક.

ચાવી નંબર.	નામ.	સ્વર.
૧ લી સફેદ.	ષડ્જ.	સા.
૨ જી ,,	રીખવ.	રી.
૩ જી ,,	ગંધાર.	ગ.
૪ થી ,,	મધ્યમ.	મ.
૫ મી ,,	પંચમ.	પ.
૬ ઠ્ઠી ,,	ધૈવત.	ધ.
૭ મી ,,	નીષાદ.	ની.

પાંચ કાળી ચાવીઓના નામનું કોષ્ટક.

ચાવી નંબર	નામ.
૧ લી કાળી.	કોમળ રીખબ.
૨ જી ,,	કોમળ ગંધાર.
૩ જી ,,	ચઢી મધ્યમ.
૪ થી ,,	કોમળ ધૈવત.
૫ મી ,,	કોમળ નીષાદ.

અહીંયાં સુધીમાં વાંચકવૃંદોને હારમોનીયમ શું છે, સપ્તક કોને કહે છે, તેને કેટલી ચાવીઓ હોય છે, તેના નામ શું છે, વીગેરે કેટલાક અગત્યના દાખલા હારમોનીયમ સાથે સરખાવવાથી તરત માલુમ પડી

આવશે. સુરનું જ્ઞાન કાંઈ ગાયનો વડે થતું નથી, પરંતુ પ્રથમથીજ શીખનાર ગૃહસ્થ સા રી ગ મ નો પાકો પાયો રચી આગળ વધશે તો થોડા પ્રયાસે આ અમારી રત્નસાગર શીક્ષક ભાગ ૧ લો ઉત્તમ લાભ આપશે. આપણામાં કહેવત છે કે જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં, તો આગેવાન રૂપી સારીગમનો ઉપયોગ કરી લશ્કર રૂપી સુરનું જ્ઞાન સાધો. જો સરગમ અને ત્હેની ગમ નહિ રાખો તો સુરનું જ્ઞાન થવું મુશ્કીલ છે. ઘણી ખરી ગાઇડો ભરમ ભેદમાં છપાઇ છે, પરંતુ આ અમારો રત્નસાગર શીક્ષક ભાગ ૧ લો ભેદ નહિ રાખતાં ખુલ્લેખુલ્લી સમજુતી સાથે બહાર પાડેલ છે, તો તે લાભ લેવા ચુકવું નહિ. અને સમજીને જેમ બને તેમ સારીગમો ઉપર ધ્યાન રાખીને શીખવું.

કોમળ સુર કરતાં શીખવાની પદ્ધતિ.

કોઇપણ ચાવીનો કોમળ સુર આપણે કરવો હોયતો **સા. મ પ** અક્ષર સિવાય જે ચાવી આપણે દબાવી હોય તેનો અડધો સુર ઓછો એટલે દબાવેલી ચાવીનો અડધો નંબર પાછળ ભાગમાં વગાડવાથી ધારેલી ચાવીનો કોમળ સુર થશે. **સા. મ. પ.** એ ત્રણ અક્ષર કોમળ થતા નથી. કારણ **સા. પ.** કુવારા છે, અને **મ.** અક્ષર ત્રીવ્ર છે.

પ્રથમતો આપણે સપ્તકની બારે ચાવીઓથી સારીગમ વગાડતાં શીખવું, તે દરેક ચાવીથી સારીગમ વગાડતાં શીખવાનું કોષ્ટક નીચે મુજબ છે.

૧ લી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

સા રી ગ મ પ ધ ની સા ડાબા હાથની પહેલી સફેદ ચાવીથી સારીગમ શરૂ કરતાં સાતે અક્ષરો સા, રી, ગ, મ,

પ, ધ, ની, સા, સફેદ હોવાથી લીટીનાં નીચેના ભાગમાં લખ્યા છે. અને કદાચ કોઈ અક્ષર લીટીના ઉપર ભાગમાં લખેલો હોય તો તે કાળી ચાવી છે, એમ સમજવું. કાળી કઈ ચાવી છે, તે સમજવા માટે ડાબા હાથ તરફથી ૧, ૨, ૩, ૪, ૫, એ પ્રમાણે અનુક્રમે સારીગમ ઉપર લખેલા અક્ષર ઉપર જે નંબર લખેલો હોય તે ગણીને દબાવવી, સફેદ ચાવીઓમાં કાળી ચાવીઓ મદદ કરે છે, અને કાળી ચાવીઓમાં સફેદ ચાવીઓ મદદ કરે છે. એવી રીતે અન્યોઅન્ય એક એકનું કામ કરે છે, અને જેથી સારીગમ બંધાઇ રહે છે.

બીજી સફેદ ચાવીની સારીગમ કરવાની પદ્ધતિ.

	નં. ૩ કાળી.				નં. ૬ કાળી.	
	ગ				ની	
સા	રી	મ	પ	ધ		સા

આ સારીગમની અંદર ગ અને **ની** અક્ષર કાળી ચાવીઓ હોવાથી લીટીના ઉપરના ભાગમાં નંબર સહીત લખેલ છે. તેવીજ રીતે દરેક ચાવીઓમાં સમજવું.

ત્રીજી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

	નં. ૩	નં. ૪		નં. ૬	નં, ૭	
	રી	ગ		ધ	**ની**	
સા			મ પ			સા

આ સારીગમની અંદર **રી**, ગ, ધ, **ની**, ચાર અક્ષરો કાળી ચાવીઓ છે, અને તેના નંબર કાળી ચાવીઓ ઉપરજ રાખેલ છે.

ચોથી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

નં. ૫

			મ				
સા	રી	ગ		પ	ધ	ની	સા

આ સારીગમની અંદર **મ** અક્ષર કાળી ચાવીનો છે.

પાંચમી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

નં. ૮

						ની	
સા	રી	ગ	મ	પ	ધ		સા

આ સારીગમની અંદર **ની** અક્ષર કાળી ચાવી છે.

છઠ્ઠી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

		નં. ૬			નં. ૮	નં. ૯	
		ગ			ધ	ની	
સા	રી		મ	પ			સા

સાતમી સફેદ ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

	નં. ૬	નં. ૭		નં. ૮	નં. ૯	નં. ૧૦	
	રી	ગ		પ	ધ	ની	
સા			મ				સા

પાંચ કાળી ચાવીઓથી સારીગમ બાંધવાની પદ્ધતિ.

જેવી રીતે સફેદ ચાવીઓથી સારીગમ બાંધતાં કાળી ચાવીઓ ઉપર નંબર આવેલ છે, તેવીજ રીતે કાળી ચાવીઓની સારીગમ

કરતાં સફેદ કઈ ચાવીઓ છે તે ઓળખવા માટે સફેદ ચાવીઓ ઉપર નંબર રાખવામાં આવ્યા છે. તે પ્રમાણોમાં અનુક્રમે ડાબા હાથથી પ્હેલી સફેદ ચાવીથી જે સફેદ ચાવી ઉપર નંબર હોય તેને અનુક્રમે ૧, ૨, ૩, ૪, ૫ એ પ્રમાણે ગણી લખેલો નંબર ઓળખી લેવો.

પહેલી કાળી ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

<u>સા રી   મ પ ધ   સા</u>

ગ   ની

નં. ૪   નં. ૮

આ સારીગમની અંદર ગ અને **ની** અક્ષર સફેદ હોવાથી નીચેના ભાગમાં નંબર સહીત લખ્યા છે, તેવીજ રીતે પાંચે કાળી ચાવીની સારીગમમાં નંબર તપાસી સમજવું.

બીજી કાળી ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

<u>સા   મ પ   સા</u>

રી ગ   ધ ની

નં.૪ નં.૫   નં.૮ નં. ૯

ત્રીજી કાળી ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

<u>સા રી ગ   પ ધ   સા</u>

મ   ની

નં. ૭   નં. ૧૧

ચોથી કાળી ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

<u>સા રી   મ પ   સા</u>

ગ   ધ ની

નં. ૮   નં ૧૧, નં. ૧૨

પાંચમી કાળી ચાવીથી સારીગમ બનાવવાની પદ્ધતિ.

સા			મ			સા
	રી	ગ		પ	ધ	ની
	નં ૮	નં. ૯		નં. ૧૧	નં. ૧૨	નં. ૧૩

ઉપર દરસાવેલી સપ્તકની બારે ચાવીઓની સરગમ બનાવતાં શીખ્યા પછી આ નીચે મુકરર કરેલી સાત સરગમો સપ્તકની દરેક ચાવીથી વગાડતાં શીખવું.

સરગમ ૧ લી.

સા રી ગ મ પ ધ ની સા

ઉલટી. સા ની ધ પ મ ગ રી સા

સા. ૨ જી. — ઉલટી.

સારીગ.	સાનીધ.
રીગમ.	નીધપ.
ગમપ.	ધપમ.
મપધ.	પમગ.
પધની.	મગરી.
ધનીસા.	ગરીસા.

સારીગમ ૩ જી — ઉલટી.

સા	રી	સા	રી	ગ	સા	ની	સા	ની	ધ
રી	ગ	રી	ગ	મ	ની	ધ	ની	ધ	પ
ગ	મ	ગ	મ	પ	ધ	પ	ધ	પ	મ
મ	પ	મ	પ	ધ	પ	મ	પ	મ	ગ
પ	ધ	પ	ધ	ની	મ	ગ	ગ	ગ	રી
ધ	ની	ધ	ની	સા	ગ	રી	ગ	રી	સા

સારીગમ ૪ થી.

સા	સા	સા	સા	સા
રી	રી	રી	રી	રી
ગ	ગ	ગ	ગ	ગ
મ	મ	મ	મ	મ
પ	પ	પ	પ	પ
ધ	ધ	ધ	ધ	ધ
ની	ની	ની	ની	ની
સા	સા	સા	સા	સા

ઉલટી.

સા	સા	સા	સા	સા
ની	ની	ની	ની	ની
ધ	ધ	ધ	ધ	ધ
પ	પ	પ	પ	પ
મ	મ	મ	મ	મ
ગ	ગ	ગ	ગ	ગ
રી	રી	રી	રી	રી
સા	સા	સા	સા	સા

સારીગમ ૫ મી.

સા	રી	ગ	મ				
	રી	ગ	મ	પ			
		ગ	મ	પ	ધ		
			મ	પ	ધ	ની	
				પ	ધ	ની	સા

ઉલટી.

સા	ની	ધ	પ				
	ની	ધ	પ	મ			
		ધ	પ	મ	ગ		
			પ	મ	ગ	રી	
				મ	ગ	રી	સા

સારીગમ ૬ ઠ્ઠી.

સા રી ગ મ પ
રી ગ મ પ ધ
ગ મ પ ધ ની
મ પ ધ ની સા.

ઉલટી.

સા ની ધ પ મ
ની ધ પ મ ગ
ધ પ મ ગ રી
પ મ ગ રી સા.

સારીગમ ૭ મી.

સા રી ગ રી સા
સા રી ગ મ ગ રી સા
સા રી ગ મ પ મ ગ રી સા
સા રી ગ મ પ ધ પ મ ગ રી સા
સા રી ગ મ પ ધ ની ધ પ મ ગ રી સા
સા રી ગ મ પ ધ ની સા ની ધ પ મ ગ રી સા


ઉલટી.

સા ની ધ ની સા
સા ની ધ પ ધ ની સા
સા ની ધ પ મ પ ધ ની સા
સા ની ધ પ મ ગ મ પ ધ ની સા
સા ની ધ પ મ ગ રી ગ મ પ ધ ની સા
સા ની ધ પ મ ગ રી સા રી ગ મ પ ધ ની સા

ઉપર લખ્યા મુજબ સાતે **સા, રી, ગ, મ,** વિગેરે સપ્તકની દરેક ચાવીથી એટલે બારે ચાવીઓથી દરેક **સારીગમ** ઓછામાં ઓછી એક હજાર વાર વગાડી જવી જેથી હાથ બરાબર તૈયાર થશે.

પ્રથમ ભાગમાં કેટલુંક જ્ઞાન વિદ્યાર્થીઓને દર્શાવ્યું છે તે લક્ષ-માં લેઇ પુરેપુરૂં સમજવું. હારમોનિયમ શિખવાને પ્રથમ **સારીગમ**ની પૂરતી જરૂર પડે છે તો આ એક રમુજી અને અંગ્રેજી હારમોનિયમ સહેલામાં સહેલું સાજ છે. તે શિખવાને **સારીગમ**ની પદ્ધતિ ખુલ્લે ખુલ્લી બતાવી છે.

સંગીતનો શોખ ધરાવનાર જીજ્ઞાસુઓને આ પ્રથમ ભાગમાં વાંચી સમજવાથી તથા હારમોનિયમ સાથે સરખાવવાથી ખુલ્લી સ-મજ પડશે. અને તે અનેક પ્રયાસે દરેક ઉત્તમ પદ્ધતિઓ જાણી શકશે.



શ્રી નવીન રત્નસાગર હારમોનિયમ શિક્ષક.

ભાગ ૨ જો.

બીજો ભાગ અમો થોડા વખતમાં બહાર પાડીશું તેની અંદર કેટલીક નાટકની ઉર્દુ, ગુજરાતી તથા મરાઠી, તરજો વિગેરે કેટલીક રાગ રાગણીઓની ચોખ્ખી **સારીગમ** દરેકને સહેલાઈથી સમજાય તેવી પદ્ધિતિથી બતાવવામાં આવશે માટે અમારા આ રત્નસાગર હારમોનિયમ શિક્ષક ભાગ ૨ જા ના અગાઉથી ગ્રાહક થનારે અમારી કલબના શરનામે ફક્ત રૂ. ૦—૪—૦ આના ચારની ટીકીટો મોકલી નામ નોંધાવવું વી. પી. ખર્ચ માફ.

છપાઈ બહાર પડયા પછી રૂ. ૦–૧૨–૦ આના બાર કીંમત લેવામાં આવશે, માટે અમુલ્ય તકનો લાભ લેવા ચુકવું નહીં. આટલી જુજ કીંમત રાખવાનું કારણ પુસ્તકના ફેલાવા અર્થે છે.

નામ નોંધાવાનું ઠેકાણું:—

શ્રી અંબીકાવિજય હારમોનિયમ કલબના

માલેક, હરીલાલ અમૃતલાલ પટેલ.

મગન ગોપાળની હવેલી પાસે,

ગુસાપારેખની પોળ સામે–**અમદાવાદ.**

પ્રસંગ.

અમારી "શ્રી અંબિકા વિજય હારમોનિયમ કલબમાં હારમોનિયમ શીખવવાનું કામ ઘણી કાળજીથી અને સહેલાઇથી શીખવવામાં આવે છે.

રીપેર, કામ.

સસ્તા ભાવે, ટકાઉ અને વાયદા પ્રમાણે બનાવી આપવામાં આવે છે.

મુલાકાત પ્રસંગે સઘળી માહીતી મળશે.

ગમ્મતમાં વગાડવા જવાનો ચાર્જ કલાક એકના		રૂ. ૧–૦–૦
વિદ્યાર્થીઓની માસિક ફીનો ચાર્જ	...	રૂ. ૩–૦–૦
પ્રથમ દાખલ ફીનો ચાર્જ ...	...	રૂ. ૧–૪–૦
ઘેર શીખવવા જવાનો ચાર્જ ...	...	રૂ. ૫–૦–૦

દાખલ ફી તથા માસીક ફી અમારી કલબમાં **અગાઉથી** લેવામાં આવે છે.

લી૦

શ્રી અંબિકાવિજય હારમોનિયમ કલબના માલીક.

હરીલાલ અમૃતલાલ પટેલ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ.

સલાપોસરોડ—અમદાવાદ.

હરેક જાતનાં છાપવાનાં કામો જેવાં કે પુસ્તકો, માસિકો, રંગબેરંગી ફેન્સી જૉબકામો તાકીદે અને નિયમસર કરી આપવામાં આવે છે.

ગ્રાહકોને પ્રુફ વાંચવાની કડાકુટ પડતી નથી.

ભાવ કીફાયત.

જાહેર ખબર.

સર્વ ગૃહસ્થોને ખબર આપવામાં આવે છે કે અમારા ત
શ્રી રત્નસાગર હારમોનીયમ શિક્ષક ભાગ ૧ લો. એ નામનું !
હાલમાં બહાર પાડવામાં આવ્યું છે, જેનાથી વગર શિક્ષકે હાર
યમ શીખી શકાય છે. દરેક હારમોનીયમ ગાઇડો કરતાં આ
ઘણુંજ સરળ અને સહેલું છે છતાં કીંમત માત્ર બે આના રાખવામાં
આવી છે તો તેનો લાભ લઇ હારમોનીયમના શોખીનોને આ પુસ્તક
ખરીદવા આજીજી છે. માટે ખરીદનારે નીચેને સરનામેથી ખરીદી
જવી અથવા અઢી આનાની ટીકીટો મોકલી મંગાવી લેવી.

આ પુસ્તકનો બીજો ભાગ થોડા વખતમાં અમારા તરફથી
બહાર પડશે.

અમારી કલબમાં શીખનાર મેમ્બરને ઘણીજ કાળજી અને સ-
હેલાઇથી શીખવવામાં આવે છે, અને તેની માસીક ફી રૂ. ૩-૦-૦
અને દાખલ ફી રૂ. ૧-૪-૦ જે પહેલા મહીને લેવામાં આવે છે.

અમારે ત્યાં હારમોનીયમ રીપેર કામ તાકીદે સસ્તું અને સરૂ
તથા સફાઇ બંધ કરી આપવામાં આવે છે.

ઠેકાણું.

અંબીકાવિજય હારમોનીયમ કલબના માલેક,

હરીલાલ અમરતલાલ પટેલ.

મગન ગોપાળની હવેલી પાસે—**અમદાવાદ.**